અપીલ અરજી નં.૧૪ તા.૧૩–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની આઈ ડી.નં.૧૪૦૨ તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૧૨૭, વાળી જગ્યામાં નવા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ થતા નોટીસ પાઠવી અને એજ વોર્ડ નંબરમાં ૭/૧૧૮૫ વાળી જગ્યા પર ચાલતાં નવા બાંધકામમાં ૨ ફુટ બાંધકામ ગેરકાયદેસર કરેલ જે ડીમોલેશન કરી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે તો એક જ વોર્ડમાં બે પ્રકારના કાયદા જુદા જુદા કેમ? સદર બાંધકામ બાબતે આર્કીટેકના લાયસન્સ કેમ રદ કરવામાં નથી આવ્યું? નોટીસની મુદત વીતી ગયા છતાં કેમ તોડવામાં નથી આવ્યું? સદર બાંધકામ ચાલુ છે કે બંધ? કેટલા સ્લેબનું બાંધકામ થયેલ છે? નોટીસ સમયે કેટલું બાંધકામ હતું ? અને હાલમાં કેટલું બાંધકામ છે તથા ગેરકાયદેસર બાંધકામના ૭/૧૧૨૭ ની નોટીસની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૩–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૪/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની આઈ ડી.નં.૧૪૦૨ તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૧૨૭, વાળી જગ્યામાં નવા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ થતા નોટીસ પાઠવી અને એજ વોર્ડ નંબરમાં ૭/૧૧૮૫ વાળી જગ્યા પર ચાલતાં નવા બાંધકામમાં ૨ ફુટ બાંધકામ ગેરકાયદેસર કરેલ જે ડીમોલેશન કરી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે તો એક જ વોર્ડમાં બે પ્રકારના કાયદા જુદા જુદા કેમ? સદર બાંધકામ બાબતે આર્કીટેકના લાયસન્સ કેમ રદ કરવામાં નથી આવ્યું? નોટીસની મુદત વીતી ગયા છતાં કેમ તોડવામાં નથી આવ્યું? સદર બાંધકામ ચાલુ છે કે બંધ? કેટલા સ્લેબનું બાંધકામ થયેલ છે, નોટીસ સમયે કેટલું બાંધકામ હતું ? અને હાલમાં કેટલું બાંધકામ છે તથા ગેરકાયદેસર બાંધકામના ૭/૧૧૨૭ ની નોટીસની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫ તા.૬–૪–૦૯ થી આપેલ માહિતી ખોટી અને ગોળ ગોળ હોવાનું જણાવી માહિતી રેકર્ડ પ્રમાણે નથી માંગી તેવું જણાવી માત્ર જવાબમાં એક જ વાકયનો ઉપયોગ કરી ગેરમાર્ગે દોરવાની કોશિશ કરેલ છે તેવી રજૂઆત સહ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫ તા.૨૨–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭ તા.૬–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતીમાં નોંધ વિભાગ મળેલ છે. જયારે અરજદાર તરફથી આધાર કે વાજબીપણું અત્રે રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા. ૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૧૨૭, વાળી જગ્યામાં નવા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસ પાઠવી બાંધકામ અટકાવવામાં આવ્યું અને એજ વોર્ડ નંબરમાં ૭/૧૧૮૫ વાળી જગ્યા પર ચાલતાં નવા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ જે ગેરકાયદેસર બાંધકામનું ડીમોલેશન કરી ચાર્જ વસુલ કરવામાં આવેલ. એક જ વોર્ડમાં એકને નોટીસ પાઠવી અને બીજાને ડીમોલેશન કરવામાં આવ્યું, એ કયા કાયદા મુજબ આ પ્રમાણેના અલગ અલગ પગલા લેવામાં આવ્યા, આર્કીટેકનું લાયસન્સ રદ કરવામાં નથી આવ્યું , નોટીસની મુદત વીતી ગઈ હોવા છતાં કેમ તોડવામાં આવ્યું નથી, હાલમાં બાંધકામ ચાલુ છે કે બંધ? અને કેટલા સ્લેબનું બાંધકામ થયેલ છે? ગેરકાયદેસર બાંધકામ બાબતે આપેલ નોટીસ સમયે કેટલું બાંધકામ હતું અને આજે કેટલું બાંધકામ છે વિગેરે માહિતી માંગવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં ખોટી અને ગોળ ગોળ માહિતી આપેલ છે તેવી રજૂઆત કરી માહિતી રેકર્ડ ઉપર નથી તેવો પ્રત્યુત્તર ધ્વારા ગેરમાર્ગે દોરવાની કોશિશ કરવામાં આવેલ. જે અંગે પગલા ભરવાની રજૂઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫ તા.૬–૪–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેમાં મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે જયારે મુદ્દા નં.૪ અંગે સદર બાંધકામ ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમ માળ થયા બાદ હાલમાં બંધ હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૫ ની માહિતી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૨૨ તા.૨૯–૧૧–૦૮ ના રોજ પૂરી પાડવામાં આવેલ છે વધુમાં નોટીસની નકલ નિયત નાણાં ભરપાઈ કરી મેળવી શકશો તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેમ છતાં આરટીઆઈ એકટના આમુખથી મૂર્તિમંત કરેલ જાહેર સત્તા મંડળમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાનો તથા માહિતીની પારદર્શિતા જાળવવા સાથે સરકાર અને તેના સંશોધનો શાસિતને જવાબદાર બનાવવાના ઉદૃેશો ધ્યાને લેતાં જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીના નિર્ણયો સમન્યાયી અને સંવાદિ રહે તે અનિવાર્ય ગણાય અને તે ધ્યાને લેતાં અઅરજદારના પ્રથમ મુદ્દા અંગે નિર્ણય લેવાના ધોરણોમાં ભિન્ન ધોરણ

અપનાવવાના કારણોની વિગત આપવી રહે. મુદ્દા નં.૨ અને ૩ અંગે માહિતી દફતરે ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. પરંતુ કાર્યવાહી હાથ ધરાયેલ છે કે નહીં? તેની વિગતો અપાયેલ નથી તે આપવી રહે. જયારે મુદ્દા નં.૫ અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગત અગાઉના સંદર્ભ સમયે માહિતી આપેલ છે તે યોગ્ય નથી. આ કાયદાની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ સ્વતંત્ર માહિતી આપવી રહે તદ ઉપરાંત દસ્તાવેજ ફી ના નાણાં ભરવા આરટીઆઈ નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી નિયમ–૩ ના નમુનામાં ભરવા જણાવવાની કાયદાની કલમ–૭(૩) નું પણ પાલન થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં મુદ્દા નં.૧ થી ૩ તથા ૫ અંગે ફરીયાદની હકીકતમાં દર્શાવેલ વિગતે નહીં પૂરી પાડેલ માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ, સાગર હોટલની પાસે, ચોક બજાર, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.